રજુ તારીખ:- ૦૮/૧૧/૨૦૨૪.
દાખલતારીખ:-૦૮/૧૧/૨૦૨૪.
ફેંસલ તારીખ:-૧૦/૦૩/૨૦૨૬.
અવધિ :- વર્ષ માસ દિવસ.
૦૧ ૦૪ ૦૨

---

**દેવભૂમિ દ્વારકાના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ખંભાળીયા.**

---

**ફોજદારી કેસ નં.૨૭૬૫/૨૦૨૪.**

આંક :-

ફરીયાદી :- **અબુભાઈ કાસમભાઈ ભોકલ,**
ઉ.વ.આ.૭૧, ધંધો-વેપાર,
રહે.ઠે. ભરવાડ પાડો, સલાયા ગેઈટ પાસે,
ખંભાળીયા, તા. ખંભાળીયા.

**<u>વિરૂધ્ધ</u>**

તહોમતદાર :- **સાજીદ ઈશાકભાઈ ખીરા,**
ઉ.વ.આ.૨૪, ધંધો-વેપાર,
રહે.ઠે. નરશી ભુવન પાછળ, રે.ખંભાળીયા,
તા. ખંભાળીયા,જી.દેવભૂમિ દ્વારકા.

---

**ગુનો :- ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો.**

---

ફરીયાદી તરફે :- વિ. વ. શ્રી. કે.એચ. ત્રિવેદી તથા ડી.ડી. લુણા
તહોમતદાર તરફે :- વિ.વ.શ્રી ટી.જે. વીઠલાણી તથા ડી.એમ.પંચમતીયા

---

## -::ચુકાદો::-

(૧) આ કામના ફરિયાદીની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી અને આરોપી વચ્ચે મિત્રતાનો સંબંધ રહેલ છે. આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી આકસ્મિક કારણોસર રૂા. ૨,૦૦,૦૦૦/- વગર વ્યાજે આરોપીની માંગણીથી ફરિયાદીએ આરોપીને સંબંધ દાવે આપેલ અને સદરહું રકમની ચુકવણી માટે આરોપીએ બેંક ઓફ બરોડા ખંભાળીયા શાખાના તેમના ખાતા નં.૬૫૨૭૦૧૦૦૦૪૫૩૦૧ ના ચેક નં. ૦૦૦૦૦૨, તા. ૧૨/૦૯/૨૦૨૪ ના રોજ આરોપીએ સહી કરી ફરિયાદી જોગ લખી આપેલ અને સદર ચેક આપતી વખતે આરોપીએ ફરિયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદરહું ચેક બેંકમા નાખતા કલીયર થઈ જશે. આમ ઉપરોકત ચેક તા.૧૨/૦૯/૨૦૨૪ ના રોજ ફરિયાદીએ તેમના બેંક ઓફ બરોડા ખંભાળીયા શાખાના ખાતામાં જમા કરાવતા સદરહું ચેક તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ ફરિયાદીએ આરોપીને તા. ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ રજી.એડી. મારફત નોટિસ આપેલી અને ચેકની રકમ દિન-૧૫ માં ચુકતે આપી પહોંચ મેળવી લેવા જાણ કરેલ. સદરહું નોટિસ આરોપીને તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ આરોપીને મળી જવા છતાં નોટિસનો જવાબ કે નોટિસની સુચનાનું પાલન કરેલ નથી. વાસ્તે ફરિયાદ લાવી દાદ માંગે છે કે, આ કામના આરોપી તેઓ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- નોટિસ આપવા છતાં તેઓને ચુકતે આપેલ ન હોય આમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ નો ભંગ કરી જેલની સજાને પાત્ર સામાવાળાએ ગુનો કરેલ હોય તેની સામે કામ ચલાવી સખતમાં સખત સજા તથા દંડ કરવા અરજ

કરી હાલની આ ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામે આરોપીને ધોરણસર પ્રોસેસ બજયા બાદ આરોપી હાજર થતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૪૩ના પ્રોવીઝનો મુજબ પુરાવો ધ્યાને લેતાં કેસની ટ્રાયલ સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવી તા. ૩૦/૧૨/૨૦૨૪ ના રોજ આરોપીની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે પ્લી આંક–૭ થી લેતા આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતાં સદર કામ ફરિયાદીના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધ નીચે મુજબનું મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી તરફે પુરાવાનું સોગંદનામું | ૫ |
| ૨. | આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૦૨ | ૧૦ |
| ૩. | આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૦૨ નો રીટર્ન મેમો અસલ | ૧૧ |
| ૪. | આરોપીને રજી.એડી. થી મોકલેલ લીગલ નોટિસ | ૧૨ |
| ૫. | આરોપીને નોટિસ રજીસ્ટર્ડ એડી કર્યાની પહોંચ | ૧૩ |
| ૬. | આરોપીને નોટિસ બજી ગયેલ તે સંબંધેની એકનોલેજમેન્ટ પાવતી તથા પોસ્ટ ઓફિસની સાઈટ પર મેળવેલ ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ | ૧૪ |
| ૭. | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

(૪) આરોપી હાજર ન હોય આરોપીનો ફરીયાદીની ઉલટ–તપાસ લેવાનો હકક તા. ૦૮/૦૧/૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફે કલોઝીંગ પુરસીસ આંક–૧૭ થી આપવામાં આવેલ છે. આરોપીનું ક્રિ. પ્રો. કો. ક. ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમા તેમણે જણાવેલ છે કે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે,

તેઓને સોગંદ ઉપર પુરાવો આપવો નથી તથા કોઈ સાહેદે તપાસવા નથી. તેઓ નિર્દોષ છે અને તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે. જેથી તેઓને નિર્દોષ છોડી મૂકવા અરજ કરેલ છે. ત્યારબાદ તા. ૦૫/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરિયાદીના વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલો કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીએ પોતાનો બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૯ અને ૧૧૮ ના અનુમાનોનું ખંડન કરવાનુ રહેતુ નથી. આમ આરોપીને કાયદાની જોગવાઈ મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષ તરફથી રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીએ આરોપી પાસેથી લેણી રકમની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીને તેમના બેંક ઓફ બરોડા ખંભાળીયા શાખાના તેમના ખાતા નં.૬૫૨૭૦૧૦૦૦૪૫૩૦૧ ના ચેક નં. ૦૦૦૦૦૨, તા. ૧૨/૦૯/૨૦૨૪ ના રોજ આપેલ. જે ચેક બેંકમાં જમા કરાવતા તા. ૧૩/૦૯/૨૦૨૪ ના રોજ ''ફંડ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે પરત ફરતાં ફરિયાદીએ આરોપીને રજી.એડી. મારફત નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ

એકટ અન્વયે નોટિસ આપેલી. સદરહું નોટિસ આરોપીને બજી જતાં આરોપીએ નોટિસનો કોઈ જવાબ આપેલ ન હોય કે ફરિયાદીના નાણા આજદિન ચુકવી આપેલ ન હોય, આમ આરોપીએ ફરિયાદીને ચેકની રકમ ન ચુકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા ઉપરનો મારો નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં:-૧ હકારાત્મક.

મુદ્દા નં:-૨ આખરી હુકમ મુજબ.

## -: કારણો :-

(૮) ફરીયાદીએ આરોપી વિરુધ્ધ કેસ પુરવાર કરવા તેમની ફરીયાદ સાથે આંક -૫ થી તેમના પુરાવાનુ સોગંદનામુ અને આંક-૩ થી અસલ દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ કરેલ છે. જેમાં આંક-૧૦ થી ફરિયાદીને આરોપીએ આપેલ બેંક ઓફ બરોડા ખંભાળીયા શાખાનો ચેક નં. ૦૦૦૦૦૨, આંક-૧૧ થી આરોપીએ ફરિયાદીને આપેલ ચેક નં.૦૦૦૦૦૨ નો પરત ફરતા આરોપીની બેન્કે આપેલ રીર્ટન મેમો, આંક-૧૨ થી ફરિયાદીએ આરોપીને સરનામે મોકલેલ નોટીસ, આંક-૧૩ થી નોટિસ રજી.એડી. કર્યાની સ્લીપ, આંક-૧૪ થી આરોપીને મોકલેલ નોટિસ બજી ગયેલ તે સંબંધેની પરત ફરેલ એકનોલેજમેન્ટ પાવતી તથા પોસ્ટ ખાતાની સાઈટ પરથી મેળવેલ ટ્રેકીંગ રીપોર્ટ વિગેરે દસ્તાવેજો રજુ કરેલ છે.

(૯) આમ પ્રસ્તુત કેસમાં નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૧૮ અને

૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં હોવાથી તે અનુમાનોનું ખંડન થઈ શકે તેવુ ચુસ્ત વિશ્વાસપાત્ર માનવાલાયક તથા પ્રી પોન્ડરન્સ ઓફ પ્રબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ ઉપર લાવી તેનુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે રહેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાની મહત્વની જોગવાઈઓ નીચે મુજબની છે.

**કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો જોતાં–**

૧. આરોપીએ તેમના દ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચુકવવા ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પિરીયડ બંનેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪. તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬. તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતા ચેકના નાણાં સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

<u>કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત...</u>

વિરૂધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે. (ક)દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતું અથવા તબદીલ કર્યુ હતું. (ખ) તારીખ વિશે:– જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું. (ગ) સ્વીકારવાના સમય વિશે:– સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું. (ઘ) તબદીલના સમય વિશે:– કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી. (ચ) શેરાઓના ક્રમ વિશે:– ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો. (જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે:– કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક

પોતે યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**કલમ–૧૩૯:– ચેક ધારણકર્તાની તરફેણમાં અનુમાન:–**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૧૦) આ કેસની હકીકત ધ્યાને લઈએ તો, આરોપીએ ફરિયાદી પાસેથી કુલ રૂા.૨,૦૦,૦૦૦/– પુરા આકસ્મિક કારણસર હાથ ઉછીના લીધેલ હોય અને તે વખતે આરોપીએ તેમને રૂા. ૨,૦૦,૦૦૦/– પુરાનો તા. ૧૨/૦૯/૨૦૨૪ ના રોજનો બેંક ઓફ બરોડા ખંભાળીયા શાખાના તેમના ખાતા નં.૬૫૨૭૦૧ ૦૦૦૪૫૩૦૧ ના ચેક નં. ૦૦૦૦૦૨, નો ચેક તેઓ ફરિયાદીના નામજોગ લખી આપી તેમાં તેમની સહી કરી આપેલ આંક–૧૦ વાળો ચેક બેન્કમાં જમા કરાવતાં તા. ૧૩/૦૯/૨૦૨૪ ના રોજ ''ફંડ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે પરત ફરતા નિયત સમયમાં ડીમાન્ડ નોટીસ આપેલ જે બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની રકમ ચુકવી ન આપતા ફરીયાદીએ હાલની આ ફરીયાદ કરેલ છે. પ્રસ્તુત કેસમાં આરોપી હાજર ન રહેતા તેમનો ફરિયાદીની ઉલટ–તપાસ લેવાનો હકક બંધ કરવામાં આવેલ છે. જયારે આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં આક્ષેપિત ગુનો કબૂલ ન

હોવાનું જણાવી તેઓને નિર્દોષ છોડી મુકવા માટે અરજ કરેલ છે.

(૧૧) આમ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. પ્રસ્તુત કેસમાં આ કામના આરોપીએ ફરિયાદવાળો ચેક ફરિયાદીને કેમ આપેલ છે અને ચેકની રકમ ફરિયાદીને ચુકવી આપેલ છે તેવો પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા ની કલમ–૧૩૯નું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને તેનુ ખંડન કરવાની જવાબદારી આરોપીની રહે છે. આરોપીએ ફરીયાદીના પુરાવાનુ ખંડન કરી માત્ર સંભવિત પુરાવો રેકર્ડ પર લાવવાનો રહે છે અને પ્રસ્તુત કેસમાં આ કામના આરોપી હાજર ન રહેતા તેમનો ઉલટ–તપાસ લેવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ આરોપી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા ૧૧૮ના અનુમાનોનું ખંડન ન કરેલ હોય ફરીયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણાંની જવાબદારી પેટે આપેલ હોવાનુ અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે. પ્રસ્તુત કેસમાં આરોપીએ ફરીયાદીને આપેલ ચેક બેન્કમાં જમા કરાવતા ''ફંડ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે પરત ફરેલ છે અને આરોપી તરફે ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપેલ હોય તેવો પુરાવો આપી ફરિયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. આમ ફરિયાદી આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલા હોય **મુદ્દા નં.૧ નો જવાબ ''હકાર'' માં આપી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.**

**હુકમ:–**

**સજા બાબતે સાંભળવા મુલતવી**

**ચુકાદો આજ તારીખ ૧૦ મી માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૧૦/૦૩/૨૦૨૬.** **(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
**જામખંભાળીયા.** **એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા**
**કોડ નં.GJ00979**

(૧) ફરિયાદી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબનો ગુન્હો પુરવાર કરવામાં ફરિયાદી સફળ રહેલ હોય આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુન્હાના મહત્તમ સજા અને ચેકની બમણી રકમ નો દંડ કરી પૂરેપુરું વળતર ફરિયાદીને અપાવવુ જોઈએ.

(૨) જયારે આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે આરોપી યુવાન છે, અપરણિત છે, તેમના સામાજિક દરજજા પર અસર થાય તેમ છે જેથી ઓછામાં ઓછી દંડ સ્વરૂપની સજા કરવા અરજ કરેલ છે.

(૩) આમ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કાયદાની જોગવાઈ, સમાજમાં દિનપ્રતિદિન આવા પ્રકારના ગુન્હાનું પ્રમાણ વધતું જતું હોય, અન્ય ગુનેગારોને દાખલો બેસે તે રીતે સમાજના હિતમાં અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ઘડવૈયાનો ઉદેશ લક્ષમાં રાખી હાલના આરોપીને કાયદામાં ઠરાવેલ પુરેપુરી સજા કરવાનું હું ઉચિત ન્યાયી માનું છુ.

## <u>–: આખરી હુકમ :–</u>

(૧) આ કામના આરોપી **સાજીદ ઈશાકભાઈ ખીરા, રહે. નરશી ભુવન પાછળ, રે.ખંભાળીયા, તા. ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા**નાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી **સાજીદ ઈશાકભાઈ ખીરા, રહે. નરશી ભુવન પાછળ, રે.ખંભાળીયા, તા. ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા**નાઓએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૫૭(૩) મુજબ ચેકની રકમ દિન–૩૦માં ફરિયાદીને ચુકવી આપવી. જો આરોપી આ રકમ ચુકવવામાં કસુર કરે તો, દિન–૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ના શિક્ષાપાત્ર ગુન્હામાં એક વર્ષની સાદી કેદની સજા અને વળતરની કસુરની સજા અલગ અલગ હોઈ એક પછી એક સજા ભોગવવા હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૩૬૩(૧) મુજબ આરોપી હાજર થયેથી આ હુકમની નકલ વિનામુલ્યે તાત્કાલિક આપવી.

(૫) હુકમ મુજબ આરોપી વિરુધ્ધ સજા વોરંટ ઈશ્યુ કરવું.

**ચુકાદો આજ તારીખ ૧૦ મી માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા. ૧૦/૦૩/૨૦૨૬**
**જામખંભાળીયા.**

**(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા**
**કોડ નં.GJ00979**